ઉચ્ચક બિલથી નાણાં ઉપાડવા અંગેની યાદી
બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ મભય/૧૦૨૦૦૬/૧૩૮૯/આર,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૩/૧૦/૨૦૧૧.

**વંચાણે લીધા:-**

(૧) નાણાં વિભાગના તા.૩૦/૪/૨૦૦૨ ના પરિપત્ર ક્રમાંક: તજર/૧૦૦૨/૪૩૫/ઝ,
(૨) શિક્ષણ વિભાગના તા.૨૮/૧૨/૨૦૦૬ ના સરખા ક્રમાંકના ઠરાવ
(૩) કમિશ્નરશ્રી, મ.ભો.યો. ની કચેરીના તા.૩/૭/૨૦૧૧ ના પત્ર ક્રમાંક: મભય/હસબ/૨૦૧૦-૨૦૧૧/૬૫૯૦ અને તા.૪/૮/૨૦૧૧ના પત્ર ક્રમાંક: મભય/હસબ/૨૦૧૧-૨૦૧૨/૯૦૫૭

**ઠ રા વ:-**

નાણાં વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:-૧ ના તા.૩૦/૪/૨૦૦૨ ના પરિપત્રથી ઉચ્ચક બિલથી નાણાં ઉપાડવા અંગેની યાદી બહાર પાડવા સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૨૧૦ હેઠળનીનોંધ-૧ મુજબ વિભાગના નિયંત્રણ હેઠળના ઉપાડ અને ચુકવણી અધિકારીશ્રીઓ દ્વારા જુદી જુદી બાબતો અંગે કરવામાં આવતાં ખર્ચનો અભ્યાસ કરીને ઉચ્ચક બિલથી નાણાં ઉપાડવા અંગેની બાબતો વર્ગીકૃત કરીને તે અંગેની યાદી બહાર પાડવા જણાવેલ છે.

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક: –૨ ના તા.૨૮/૧૨/૨૦૦૬ ના સરખા ક્રમાંકના ઠરાવથી કમિશ્નરશ્રી, મ.ભો.યોજનાની કચેરી તરફથી કચેરી માટે તાત્કાલિક જરૂરીયાતના ખર્ચ માટે ઉચ્ચક બિલથી નાણાં ઉપાડવા યાદી બહાર પાડવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક:-૩ થી કમિશનરશ્રી, મ.ભો.યો. ની કચેરી તરફથી મળેલ દરખાસ્તથી. –

(૧) કમિશનરશ્રી, કચેરીએથી ફાળવવામાં આવતી ૦૯-નોન-પ્લાન સદરની ગ્રાન્ટમાંથી મ.ભો.યો. ના સંચાલકોને પેશગીની ચુકવણી તથા
(૨) તાલિમના હેતુઓ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી થનાર ખર્ચ માટે પેશગીની ચુકવણીના ખર્ચનો સમાવેશ કરવા વિનંતી કરેલ છે.

આથી ઉકત દરખાસ્ત અન્વયે કમિશ્નરશ્રી, મ.ભો.યો. ની કચેરી માટે તાત્કાલિક જરૂરીયાતના ખર્ચ માટે ઉચ્ચક બિલથી નાણાં ઉપાડવાની નીચે મુજબની જરૂરીયાત સંકલિત સુધારેલ યાદી બહાર પાડવામાં આવે છે.

(૧) કમિશ્નરશ્રી અને કચેરીઓના અધિકારીશ્રીઓ દ્વારા સરકારી કામે વાહન દ્વારા બહાર જવા માટે વાહનોમાં

જરૂરી પેટ્રોલ/ડિઝલના ખર્ચ માટેની જરૂરીયાત.

(૨) સરકારી વાહનોમાં સર્વીસ/રીપેરીંગ, નવા ટયુબ-ટાયરો કે બેટરી વિગેરે જેવી જરૂરીયાત.

(૩) સરકારી વાહનોમાં વિમો તાજો કરવા/ઉતારવા વિમા કંપનીને અગોતરી ચુકવણી.

(૪) સરકારી વાહનોમાં બળતણનો જે ખર્ચ ક્રેડીટ ઉપર કલ્પતરૂ પેટ્રોલ પંપ ઉપરથી લેવામાં આવે છે તે માટે ડિપોઝીટ.

(૫) મધ્યાહન ભોજન યોજના માટે જરૂરી સામગ્રી નાગરિક પુરવઠા નિગમ પાસેથી ખરીદ કરવામાં આવે છે અને નિગમ પાસેથી બિલ મલ્યા બાદ ચુકવણું કરવામાં આવે છે. ચુકવણી કરતી વખતે વહિવટી ચાર્જ **૧૨** ટકા લેખે ઉમેરીને તથા ચુકવણીમાં વિલંબ થવાના સંજોગોમાં ત્રણ માસનું વ્યાજ આકારવામાં આવેછે, આથી આ ખરીદી માટે અગ્રિોતરી ચુકવણી.

(૬) કમિશ્નરશ્રી, કચેરીએથી ફાળવવામાં આવતી ૦૯-નોન-પ્લાન સદરની ગ્રાન્ટમાંથી મ.ભો. યોજનાના સંચાલકોને પેશગીની ચુકવણી.

(૭) તાલિમના હેતુઓ માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી થનાર ખર્ચ માટે પેશગીની ચુકવણી.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગનો તા.૨૨/૯/૨૦૧૧ ના રોજ કરેલ પરામર્શ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ડી. જી.ચૌધરી )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/ગાંધીનગર/અમદાવાદ.

(૩) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

(૫) નાણાં વિભાગ, ઝ-શાખા, સચિવાલય, ગાંધીનગર.

(૬) શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) નાયબ સેકશન અધિકારીશ્રી,/ સિલેકટ ફાઇલ.

(૮) સિલેકટ ફાઇલ.